# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

આછરતા અજવાસની સંગે,
પમ્મરતી સુવાસની સંગે.
ઝાકળભીના શ્વાસની સંગે,
ચલો,આપણે મબલખ મળીએ.
ચલો,આપણે અઢળક મળીએ.

તારા નામનો સાદ લઇને,
વર્ષો જૂની એક યાદ લઇને,
કશો મૌન સંવાદ લઇને,
ચલો,આપણે મબલખ મળીએ
ચલો,આપણે અઢળક મળીએ.

\- પ્રજ્ઞા કમલ ભટ્ટ

## પાથેય

\- રમેશ ઠક્કર

# મૌનસંવાદ

આજના જગતની જો કોઈ મોટી સમસ્યા છે એકબીજાથી દૂર રહેવું..માણસ આજે એકાકી થઈ ગયો છે..એ સ્વકેન્દ્રી તો હતો જ..હવે તો પોતાનાથી પણ જાણે અલગ પડી ગયો હોય એવી હાલત છે..એકમેકને સહજ મળવાની વાત જ જયાં અશક્ય હોય એવા માહોલમાં કવિયત્રી મબલખ અને અઢળક મળવાની વાત કરે છે ! એ માટેનું માર્ગદર્શન પણ આપે છે..અજવાસ એટલે કે જયારે આપણે પૂરબહારમાં ખીલેલા હોઇએ કે સુખચેનમાં હોઇએ ત્યારે તો મળીએ પરંતુ આછેરા અજવાસ એટલે કે ભલે ઉમળકાનો અભાવ હોય તો પણ મળતા રહેવું જોઇએ. સુવાસ ધીમેધીમે પમરતી રહે છે..ઝાકળથી ભીના થયેલા શ્વાસની વચ્ચે મળવાનો મનસૂબો એક અલગ અનુભવ કરાવે છે..મળવું એટલે સામાન્ય અર્થમાં કે ઔપચારિક રીતે મળવું એમ નહીં..એમને મન મળવું એટલે અઢળક મળવું..મબલખ મળવું.

મિલન એક અદ્ભુત સંયોગ ત્યારે બને જયારે કોઇએ વિરહની વેદના અનુભવી લીધી હોય..કોઇકની તીવ્ર યાદ આપણને ઘેરી વળી હોય એ જ વ્યકિતને મળવું એ સુખની ચરમસીમા ગણાય..કોઇકના નામનો સાદ કે મનમાં ધરબાયેલી કોઇકની યાદ મોટા માટેના ઉત્કટ ભાવો બની જાય છે..એ મિલન ઘણીવાર પ્રત્યક્ષ શકય હોતું નથી.આમછતાં દિલમાં કોઇકની યાદ ભરીને મૌનસંવાદ થકી પણ મનગમતો આનંદ માણી શકાય છે..એ રીતે પણ કશુંક મબલખ કે અઢળક માણી શકાય છે..એવી હાકલ કરી કવિ આપણને એક દિશા બતાવે છે..જે મજા મૌનસંવાદમાં હોય છે એ ઘણીવાર સામસામે થતા સંવાદમાં હોતી નથી..ઇશ્વરની રચનામાં બધું જ મૌનમય છતાં એક ભીતરી સંવાદમય જગત છે..પ્રકૃતિ હોય કે આકાશ..ધરતી હોય કે હવાનો લય બધામાં કોલાહલ છે..એક અદ્ભુત લય છે..સૂરજ ઉગે છે અને આથમે છે ત્યાં સુધીની એની સફર સંવાદની એક અજાયબ સફર બની રહે છે.

ઉગવાનો ઉઘાડ કે આથમવાનો અવસાદ કે વિસ્તારવાનો વિખવાદ એ આપણી જીવનલીલા છે..કુદરતમાં આવા ભેદભરમ નથી..ત્યાં તો નર્યો સંવાદ છે..સહચાર છે..શાંત કોલાહલ છે..પ્રકૃતિનો જ અંશ હોવા છતાં આપણે કેટલા અલગ છીએ ? પાની બીચ મીન પ્યાસી ! આપણે કદાચ આપણી જ જાળમાં જંજાળ બની ગયેલા જન છીએ! આમાંથી છૂટવા માટે અઢળક રીતે એકમેકને મોટું એ જ ઉપાય છે.

કવિને આવું ગમે છે..તમને પણ કદાચ એવું જ મન થતું હોય. મને તો જે ગમે એ ગુંજે ભરું છું.. એમાં ગમતું તો ખરું જ,પણ અણગમતું ય મને તો અદકેરૂં જ લાગે છે..ગમવા ન ગમવાની એક સદહદે પહોંચ્યા પછી તમને બધું એકાકાર થઈ જતું હોય એવું લાગવા માંડે છે..પૃથ્વીની આ વિશાળતા અમથી નથી..એમાં ગમન અને આગમન કયાંક એકરૂપ થઈ જતાં હોય છે..સૂરજની લાલીમા સવારે પણ હોય છે..ઢળતી સાંજે પણ એ લાલઘુમ હોય છે..પણ બેઉ ઘટનાઓના સમયે લીલીછમ ચાદરથી લપેટાઈ ગયેલી ધરતીનો ઉમંગ એકસરખો હોય છે !મારા જેવા મુગ્ધ મુસાફર માટે મૌંસૂઝણું હોય કે મોડી રાતનું મૌન એકસરખા વિસ્મય જેવાં હોય છે..!

# કોંગ્રેસ સામે અસ્તિત્વ ટકાવવાનો પડકાર

તંત્રીસ્થાનેથી...

સને ૧૮૮૫ના ડિસેમ્બરની ૨૮મી તારીખે જન્મેલી ઈંડિયન નેશનલ કોંગ્રેસના અસ્તિત્વ સામે રોજે રોજ નવા પડકારો ઊભા થઈ રહ્યા છે. એક સમાજ સેવાના સંગઠન તરીકે આ સંસ્થા ભારતીયોને બ્રિટીશ રાજમાં સન્માનભર્યું સ્થાન અપાવવા અને એમની સાથે માનવતાપૂર્ણ વ્યવહાર થાય એટલી જ માગણીઓની રજૂઆત માટે રચવામાં આવી હતી અને હ્યુમ જેવા માનવતાવાદી અંગ્રેજની એ માનસ કન્યા હતી. વ્યોમેશચંદ્ર બેનરજી જેવા સૌમ્ય બંગાળી બાબુને એનું સુકાન સોંપાયું હતું. કાળક્રમે સ્વર્ગમાંથી ઊતરતી ગંગાની જેમ એનો પ્રવાહ અવનવાં રૂપ ધરતાં ધરતાં આજની ‘પારિવારિક પાર્ટી’માં પરિવર્તિત થઈ ગઈ છે. પંડિત નહેરુ અને સરદાર પટેલની કોંગ્રેસમાં મતભેદો બે મુખ્ય નેતાઓ વચ્ચે હતા. કોંગ્રેસ તો સરદારની સાથે હતી, પરંતુ પ્રતિભાની દૃષ્ટિએ નહેરુ વધુ સારી રીતે નવા નવા આઝાદ થયેલા દેશનું સુકાન સંભાળી શકશે અને વિશ્વ સાથે કદમ મિલાવી શકશે એવી દૃઢ માન્યતા ધરાવતા ગાંધીજીએ સરદારને આદેશ કર્યો હતો કે તમારે જવાહરના હાથ મજબૂત કરવાના છે. આજ્ઞાંકિત સરદારે અનેક મુદ્દે નહેરુ સાથે મતભેદ પડતાં સરકારમાંથી ખસી જવાનું મન બનાવી લીધું ત્યારે પણ ગાંધીજીએ એમને મનાવી લીધા હતા અને બેઉ રાષ્ટ્રીય નેતાઓ વચ્ચે સમાધાન કરાવી દીધું હતું. છેલ્લે સરદારે ગાંધીજી સમક્ષ મનની વાત નિખાલસ શબ્દોમાં રડીને કહી એ પછી ગણતરીની મિનિટોમાં ગોડસેની પિસ્તોલસમાંથી ત્રણ ગોળીઓ છૂટી હતી અને ગાંધીજીના રામ રમી ગયા હતા. કોંગ્રેસમાં મતભેદો તો નહેરુ-સરદાર પૂર્વે પણ હતા. ટિળક અને ગોખળેના વિચારોમાં આસમાન જમીનનું અંતર હતું. રીતસરનાં જૂથો પડી ગયા હતા : મવાળ અને જહાલ. ગાંધીજીએ ગોખલેને ગુરુ બનાવ્યા અને એ માર્ગે આગળ વધી અંગ્રેજોને દેશ છોડવા મજબૂર કર્યા ત્યારે એમને સ્વપ્ને પણ કલ્પના નહોતી કે અંગ્રેજો જતાં જતાં હિંદુ મુસલમાનોને ધર્મના નામે લડાવતા જશે જેનું પરિણામ વિભાજનમાં અને લાખો લોકોની કત્લેઆમમાં આવશે. કરોડોની વસતિમાંથી થોડા લાખ ઓછા થયા અને આઘાપાછા થયા તોય દેશ ચાલ્યો અને લોકતંત્ર પણ વિકસ્યું. કોંગ્રેસે દેશના વિકાસમાં જે ફાળો આપ્યો છે એને ભાજપ ગમે તેટલા ધમપછાડા કરશે તો પણ ભૂંસી નહીં શકે. ઈંદિરા ગાંધીની એકહથ્થુ શાસનશૈલી અને સિનિયરોની અવગણનાથી પાર્ટીનું વિભાજન થયું. નવી ‘જનતા પાર્ટી’ બની એમાં મોરારજી વાળી સંસ્થા કોંગ્રેસ ભળી ગઈ એમ દીનદયાળ ઉપાધ્યાયવાળો જનસંઘ પણ ભળી ગયો. પરંતુ વિચારધારાના પ્રશ્ને આખરે જનસંઘનો દીવો ભારતીય જનતા પાર્ટીના નવા બૅનર સાથે પ્રગટ્યો. કમલ ખીલતું ગયું સોનિયા ગાંધીના હાથમાં કોંગ્રેસનું સુકાન સોપાયું તે એના અંતની શરૂઆત ગણાવી જોઈએ. દેશમાં કોઈ નેતા હતો જ નહીં કે એક વિદેશ મૂળની મહિલાને આવડી મોટી રાષ્ટ્રીય પાર્ટીના સર્વેસર્વા બનાવવા પડ્યાં ? સુષમા સ્વરાજનો બળાપો એ સંદર્ભે સાર્થક હતો એની પ્રતીતિ આજે કોંગ્રેસમાં પડી રહેલા જૂના કાર્યકરોને જરૂર થતી હશે. ગુલામનબી આઝાદ કાશ્મીરનું અને મુસલમાનોનું પ્રતિનિધિત્વ કરનારા નીવડેલા નેતા હતા. કોંગ્રેસ એમને પણ નથી સાચવી શકી. રાજીનામું આપતી વખતે એ પ્રતિભાશાળી નેતાએ રાહુલ ગાંધી વિશે અત્યાર સુધી બીજા અસંતુષ્ટો કહેતાં અચકાતા હતા એવી પેટછૂટી વાતો કહી નાખી છે. રાહુલ પાસે કોઈ લાંબું વિઝન નથી. એમને કોંગ્રેસના ઉપાધ્યક્ષ બનાવ્યા ત્યારથી સિનિયર નેતાઓને સાઈડલાઈન કરી અપરિપક્વ યુવાનોને મહત્વ આપવાનું શરૂ થઈ હતું. એ પછીનો ધૂંધવાટ જાણીતો છે. રાહુલના વડપણ નીચે કોંગ્રેસ સતત મેદાન ગુમાવતી રહી છે. અશોક ગહલોત કે રાજીવ ગાોઠિયા અહમદ પટેલ જેવા આગેવાનો કાર્યદક્ષ હોઈ શકે પણ પાર્ટીને મજબૂત બનાવી શકયા નથી. આજે આવડી મોટી પાર્ટી સામે પરિવારવાદને લીધે જ અસ્તિત્વ ટકાવવાનો પડકાર સરજાયો છે.

# કૃતજ્ઞતા - જીવનને મઘમઘતું રાખતો ગુલદસ્તો

પમરાટ
મિત્તલ પટેલ

આપણા સુખ, પ્રસન્નતાના કારણ બનેલ વ્યક્તિઓ, ઘટનાઓ, સંજોગો માટે, તક માટે ઈશ્વરને ક્યારેય થેંક્યુ કહ્યું છે? દરરોજ સવારે ઉઠીએ અને સ્વસ્થ શરીરના આશીર્વાદ સાથે કોરા ચેક સમાન દિવસ આપવા બદલ ક્યારેય કૃતજ્ઞતા વ્યક્ત કરી છે? તકલીફોની ફરિયાદો કરવી એ સહજ અને રૂટીન થઈ ગયું છે. તકલીફોનો સામનો કરવા જે હિંમત ભીતર કેળવાઈ અને વધુ મજબૂત થઈને ,તપીને, વધુ સમૃદ્ધ બનીને બહાર આવ્યાં તે માટે શું તે તકલીફો નો ફાળો નાનો સુનો છે!! તકલીફોને પગથીયા બનાવી જીવનમાં પ્રગતિના મંદિરીયા ખૂદ્યા, તે માટે જે આંતરસૂઝ કેળવાઈ તે માટે કુદરતને થેંક્યુ કહેવું જરૂરી નથી લાગતું! “કૃતજ્ઞતા”એક એવો ભાવ છે જે આપણને ભીતરથી વિકસવામાં મદદ કરે છે. આપણાં વ્યક્તિત્વનો હકારાત્મક વિકાસ કરવામાં ખીલવવામાં મદદ કરે છે. સારાં ભાવનો સ્વિકાર અને કદર જીવનમાં વધુ સારાં અનુભવો મેળવવાં માટે આપણને કાબીલ બનાવે છે.

નકારાત્મકતાની ખેતીથી તો નકારાત્મકતાનો જ પાક મળે. પછી ગમે તેટલાં એફોર્ટ્સ તેમાં નાખી દો. “ૐઁ ફ્રૈદ્દી”શીખવું જેટલું જરૂરી છે તેટલું જ જરૂરી છે..”ૐઁ ણિૃષ્ઠ”શીખવું. આપણને ગુસ્સો તરત આવી જાય છે, બદલાની ભાવના તરત આવી જાય છે. હરએક ક્ષણમાં પ્રસન્નતાથી જીવવાનો ભાવ જાતે પ્રયત્ન કરીને કેળવવો પડે છે. હકારાત્મકતાને સ્વભાવમાં રોપવી પડે છે. તો દરેક પરિસ્થિતિમાં ખુશ રહેવાના એટીટ્યુડ ને લણી શકશો.

આપણે જજમેન્ટલ બની જઈએ છે. કોઈપણ ઘટના, કોઈપણ બનાવ, પછી તરત તેનાં વિશે અભિપ્રાય બાંધી દઈએ છીએ. અને તેને અનુરૂપ નિર્ણય પણ ત્વરિત લઈ લઈએ છીએ. પોતાના મનને તેનું અર્થઘટન કરવાની તક જ નથી આપતા. એટલે જ પસ્તાવાના ઝરણામાં નહાવું પડે છે. અને તેમાં કંઈક કેટલુય જીવનમાં ગુમાવી દેતા હોઈએ છે. કેટલાય સંબંધો કેટલીય તકો અને સૌથી કીમતી “મનની શાંતિ”.

એક ઊર્મિને હૃદયમાં વાવીએ તો કેવું!!
સંદર્ભ કોઈપણ હોય, તેને કૃતજ્ઞતાનું જળ પાઈએ તો કેવું!!
તું સાચો જ હોઈશ પણ,
સામે વાળાનું સત્ય પણ પારખી શકીએ તો કેવું!!
પોતાને પ્રેમ કરવો સાવ સહજ છે,
હરએક માં રહેલ સારપ જોઈ શકીએ તો કેવું!!

તોતિંગ ઝાડની છાયામાં વાહન પાર્ક કરીએ ત્યારે તે વૃક્ષ વાવવાનો વિચાર મનમાં સ્ફૂરે છે ખરો! તે વિચાર ત્યારે જ આવે જ્યારે તે વૃક્ષ માટે આપણને છાયડો આપવા બદલ આપણાં હૃદયમાં કૃતજ્ઞતાનો ભાવ એક ક્ષણવાર માટેય આવ્યો હોય. આવું જ કંઈક સંબંધોમાં થાય છે. સંબંધમાં સતત હૂંફ, લાગણી અનુભવતાં રહીએ છીએ, પણ ક્યારેય તે સંબંધાયેલ વ્યક્તિની તે લાગણી અને પોતાનાપણું આપવા માટે કદર કરી છે? તેમને અશાબ્દિક કે શાબ્દિક તમારાં જીવનમાં હોવાનું કેટલું મહત્વ છે, તેની અનુભૂતિ કરાવી છે? એ એટલું જ જરૂરી છે જેટલું એક છોડને પાંગરવા માટે ખાતર પાણી જરૂરી છે.

# લખવું અને વાંચવું : સમજો છો એટલું સરળ પણ નથી...!



રઝળપાટ
અજય ઉપાધ્યાય

હમણાં એક મિત્ર બળાપો ઠાલવતાં હતા..’ હવે ફેસબુક મોયર જેવુ નથી રહ્યું ‘ મે કહ્યું ‘ કેમ ભાઈ ? ‘ મને કયે ‘ હવે ફેસબુક પર વાંચવા કરતાં લખવાવાળા વધી ગયા છે ‘ મિત્રનો ઈશારો લાંબી લાંબી પોસ્ટો લખતા કે પછી પોતે કોઈપણ વિષય પર લખી શકે છે એવું માનતા કે પછી લેખક બની ગયેલા લોકોની વધતી સંખ્યા તરફ હોય એવું લાગ્યું. ખેર એમની વ્યથા એમની રીતે વાજબી હશે પણ હકીકત એ છે કે લખવું એ એમ કાઈ સાવ ડાબા હાથનો કે ઈવન જમણા હાથનો ખેલ પણ નથી ..!!! જી હા, તમે જયારે કશુંક લખાણ વાંચો છો ત્યારે એ સમજી લેવું કે એ લખવા પાછળ લખનારનો માનસિક અને શાબ્દિક શ્રમ રહેલો છે. અત્યારના ફેસબુક કે ટ્વિટરના જમાનામાં સારું છે કે ડિજિટલ પ્લેટફોર્મ પર કોઈપણ પોતાની અભિવ્યક્તિ સ્ટેટ્સ – પોસ્ટો કે નોટ્સ લખીને વ્યકત કરી શકે છે પણ ખરેખર લખાણ એટલે શું અને લખવું એટલે શું ? એ બન્નેની જો કોઈ પરિભાષા નક્કી કરવામાં આવે તો એમાં ચોક્કસપણે આ ફેસબુક કે ટ્વિટરના સ્ટેટસો કે પોસ્ટો ના જ ગણાય અને અધુરામાં પૂરું સોશિયલ મીડિયા પર કે ડિજિટલ પ્લેટ્ફોર્મસ પર જેટલું લખાય છે એ બધુ જ વંચાતું પણ નથી, અથવા એમ કહી શકાય કે લખવાવાળા વધુ છે અને વાંચવાવાળા ઓછા..! ખેર અત્યારે તો આપણે વાંચવા કરતાં લખવા ઉપર ફોકસ કરીએ.

જો તમને એમ લાગતું હોય કે બે-ચાર બુકના રેફરન્સ લઈ લીધા.. થોડું ઘણું કોઈએ લખેલું હોય એને આઘુંપાછું કરી લીધું અને વધ્યું ઘટ્યું ‘ જય ગૂગલદેવ ‘ કરીને કંટ્રોલ સી – કંટ્રોલ વી કરી દીધું ને થઈ ગયું લખાણ તૈયાર.. તો તમે ભૂલ ખાવ છો..!!! સાચું, સારું અને વાંચનારને રસ પડે કે જકડી રાખે એવું લખાણ તૈયાર કરવામાં ઉપર લખી એ રેસિપીમાંથી થોડા ઘણા ઈંગરીડન્ટ્સ કદાચ ઉપયોગમાં લઈ શકો પણ એ રેસિપીની આખેઆખી કોપી તો નહીં જ મારી શકો. અને એનું કારણ છે કે લખનાર પહેલા તો શું લખવું છે ?.. કેટલું લખવું છે?.. અને શેના પર લખવું છે ? એના વિષે ચોક્કસ હોવો જોઈએ. ઘણીવાર એવું પણ બને કે લખનારને કોઈ વિષય આકર્ષક અને ઈન્ટરેસ્ટિંગ લાગ્યો હોય પણ બની શકે કે વાંચનારનો પ્રતિભાવ એ લેખ પર મોળો કે નીરસ પણ હોય શકે. બીજું અગત્યનું ફાઈન્ડિંગ એ પણ છે કે આજકાલ લગભગ બધુ જ ઓનલાઈન અવેલેબલ છે.. ઓલમોસ્ટ ડિજિટલી અપલોડ છે એવામાં ક્યાંક ને ક્યાંક તો તમારી એ રેસીપી-ચોરી પકડાઈ જ જવાની. જો કે આજકાલ એની પણ કોઈ નવાઈ તો છે જ નહીં અને હું એમ પણ નથી કહેવા માંગતો કે ગૂગલ હોય કે બીજું કાઈપણ એનો રેફરન્સ લેવો ખોટી વાત છે કેમકે અલ્ટીમેટલી લેખકનો આશય એક જ હોય શકે કે જે તે વિષય પરની વધુમાં વધુ જાણકારી આપવી અથવા તો જે તે ટૉપિક પર પોતાનો કે વાંચનારનો એક વ્યૂ રજુ કરવો પણ ઘણા કેસમાં – આઈ મીન લેખમાં.. થાય છે શું કે લેખક વાંચનાર શું વિચારશે કે કોઈ બેલેન્સડ વ્યૂ રજુ કરવાને બદલે પોતાનો મત રજુ કરે છે, જો કે એમ પણ કોઈ વાંધો ના હોય શકે કેમકે આફ્ટર ઓલ લેખકે શું લખવું એનો એને અબાધિત અધિકાર છે પણ એને લીધે વિવાદ ઊભો થાય છે કેમકે વાંચનારનો પણ એક વ્યૂ તો હોવાનો જ કે નહીં ? . જો કે બેલેન્સડ વ્યૂ રજુ કરવો એ આમ તો કોઈ વિવરણાત્મક લેખ માટે યોગ્ય છે પણ જયારે કોઈ કરંટ ટૉપિક કે ચર્ચાસ્પદ ટૉપિક પર લખતી વખતે વનસાઈડેડ થવા કરતાં લેખનો અર્ક કહો કે અર્થને વાંચક પર છોડી દેવો હિતાવહ છે.. પણ લેખકો આવું બહુધા કરતાં નથી હોતા એ અલગ વાત છે..!!!!!

આગળ લખ્યું એમ આજકાલ ખૂબ લખાય છે.. મેગેઝિનો.. વર્તમાનપત્રો....સોશિયલ મીડિયાની દીવાલો તો છે જ પણ એ સીવાય બ્લૉગ્સ અને વેબસાઈટ્સ પર પણ અઢળક લખાય છે, જો કે એ બધુ જ વંચાય છે કે કેમ એ પ્રશ્નાર્થ છે એમ છતાં પણ સારું છે કે ઘણું લખાય છે. પણ ખાટલે મોટી ખોટ એ છે કે મોટાભાગના લખાણમાં કયા તો પર્સનલ એંગલ કયા તો તરફદારી કે વિરોધ વધુ વાંચવા મળે છે. જો કે ભાષાના જે ચાર કૌશલો છે લખવું, વાંચવું, બોલવું અને સાંભળવું એમાંથી લખવું એટલા માટે અગત્યનું છે કે દરેક લખાણની પાછળ કોઈ ચોક્કસ ઉદ્દેશ કે પછી કોઈ સંદેશ છુપાયેલો હોય છે. કોઈ સંદેશ કે ઉદ્દેશ વગરનું લખાણ નક્કામું ગણવું. પણ ઘણા લેખકો તો શું છે કે ચોક્કસ મુદ્દાની તરફદારી કે વિરોધનું લખવા માટે પ્રખ્યાત હોય છે. લખવાના કે લેખકના સાદા નિયમોનો આ ભંગ કહેવાય પણ આજકાલ અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે કોઈપણ.. ક્યાંય પણ.. કશું પણ લખી શકે છે, લખી નાખે છે..!!! અને એમાં પણ અર્બન ગુજરાતીનો જમાનો છે એટલે લખાણમાં અંગ્રેજી – હિન્દી શબ્દો તો આવવાના જ ( આ લેખમાં પણ છે જ !!! ). શુદ્ધ ગુજરાતી ના સહી પણ મિક્ષ અને ટેસ્ટટ્યુબ ગુજરાતીમાં લખાયેલું પણ લોકોને વાંચવું ગમે છે પણ બશર્ત કે એ સમજાવું જોઈએ. બસ મૂળ વાત એ જ છે કે તમે જે લખો છો એ વાત કે મુદ્દાની સાથે વાંચનાર પોતાની જાતને કનેકટ કરી શકે છે કે નહીં ? જો એમ ના થઈ શકતું હોય તો લખાણમાં કાઈક ખૂટે છે કે પછી એ લખાણ મૂળ વિષયથી કોઈ જુદી દિશા તરફ શબ્દોના અશ્વો દોડાવતું હોય એવું બની શકે અને આવા લખાણો ચાહે કોઈ પ્રતિષ્ઠિત અખબારો માં લખાતા હોય કે મેગેઝીનોમાં કે સોશિયલ મીડિયામાં પણ બહુ લાંબી રેસ દોડી શકવાના નથી જ.. હાંફી રહેવાના થોડા સમયમાં..!

આ ઉપર વારંવાર ‘ બહૂ લખાય છે ‘..’’ બહુ લખાય છે ‘ એવું વાંચીને ઘણાને એમ થશે કે શું ધૂળ લખાય છે ??? આટલા બધા લેખકો અને લેખો પછી એમ પણ થતું હશે કે દર ત્રીજો વ્યક્તિ લેખક છે અથવા તો પોતાને લેખક સમજે છે. આ ‘ ત્રીજા વ્યક્તિ ‘ માં આ લખનાર જેવા પણ આવી જાય એમાં ના નહિ...! જો કે ટીકા થાય એ સારી વાત છે કેમકે એનાથી જ તો ખ્યાલ આવે કે આપણી મિસ્ટિક કયા થાય છે ?! જો કે જે ખરેખર માત્ર વાંચક જ છે એમનો બળાપો એ હશે કે આ લેખનવંટોળમાં ખરેખર વાંચવા જેટલું કેટલું ? તો એ વાતમાં પણ સહમત કે બધુ જ લખાયેલું વાંચવાલાયક ના પણ હોય પણ સાથે સાથે એ પણ જરૂરી છે કે જો લખાશે તો જ વાંચનારને ખ્યાલ આવશે કે સારું લખાણ અને ભંગાર લખાણ શું છે ? ભંગાર જરા વધુ આકરો શબ્દ થઈ ગયો નહીં..? હૈ કી નહીં..? જો કે કોઈપણ લેખ આજકાલની ઓટીટી વેબસીરિઝ જેવુ છે. દર્શક વેબસીરિઝ ચાલુ તો કરી દે પણ અંદર કશું હોય નહીં તો પડી રહે અધૂરી.. આવું જ લેખનું છે.. વાંચક શરૂ તો કરે પણ જો એ લખાણમાં કશુંક ઈન્ટરેસ્ટિંગ.. નવીન કે સ્પાર્ક જેવું ના લાગે તો પડતું પણ મૂકી દે. કારણ સિમ્પલ છે કે લખવું ભલે લાગતું હોય એવું કે ચપટી વગાડતામાં લખી શકાય પણ હકીકતમાં લખવું એ બહુ મુશ્કેલ પ્રક્રિયા છે અને એ પ્રક્રિયામાં પહેલા લખનાર વલોવાય છે અને એ વલોણાંના માખણનો પ્રસાદ વાચકને મળે છે. લખવૈયા કે લેખક કે લેખકડા એવા બધા નામોથી કોઈ પોકારે તો સાંભળવાની તો મજા જ આવે પણ એ વિશેષણો મેળવવા માટેની પ્રક્રિયા આયખું.. આતમ અને ઓજસ વલોવનારી છે એ તો જેને આ વિશેષણો મળેલા હોય એ જ જાણતા હોય અને આમ પણ માહિતી વિસ્ફોટના સમયમાં કોણ કઈ બાજુ અને કોના તરફ ઈશારો કરતું લખે છે થી લઈને પુનરાવર્તિત થયેલી માહિતીઓવાળું લખાણ કે શબ્દોના ઈશારે બાંધી રાખતું લખાણ કે માહિતીના – મુદ્રણના કે શબ્દોના અભાવવાળું લખાણ પકડી પાડવું વાંચકો માટે કોઈ અઘરું કામ નથી રહ્યું અને એટલે જ લખવું એટલે લખવું માટે પણ લેખકને માનસિક અને વૈચારિક વ્યાયામ કરવો જ પડે છે અને તો જ સારું – સચોટ અને વાંચકને ગમતું લખાણ કાગળ પર ઉતરી શકે છે અને બિલકુલ એ જ રીતે વાંચકને પણ સારા અને નરસા લખાણ વચ્ચેનો ભેદ પારખવા પણ વાંચવું તો પડે જ કે નહીં..? બાકી લખવું અને ઢસડવું એ બંનેમાં ફેર તો છે જ અને એ ફેર જે સમજી શકે એ જ તો સાચો વાંચક અને એ બંને નો ભેદ સમજીને જે લખી શકે એ જ તો લેખક..!

# અગમચેતી રાખવાથી આપણે હેરાનગતિથી બચી શકીએ છીએ

શ્રેણિક દલાલ

ઉતાવળ કર મા.... ધીરજ રાખ.... મારા જેવા કેટલાક માનવીઓ સ્વભાવથી બહું જ ઉતાવળિયા હોય છે જેથી માનવીને ઘણું નુકસાન થાય છે તથા તેના કામમાં ભલીવાર રહેતો નથી. ઘણાં લોકો ઉતાવળથી બોલે તો સામેની વ્યકતિ બરાબર સમજી ન શકવાથી ગેરસમજ પણ ઉભી થાય છે. કોઈક વખત ઉતાવળ કરવાં જતાં કાર્ય અધૂરાં રહી જાય છે. ઉતાવળથી ચાલવાથી કે દોડવાથી કે ગાડી ચલાવવાથી અકસ્માતનો ભય રહે છે.

મારાં જેવી વ્યકતિઓને સ્વભાવમાં જ બાળપણથી ટેવ પડી ગઈ હોય છે. જોયા જાણ્યાં વગર બસ મનમાં વિચાર આવ્યો અને તરત જ વિચાર્યા વગર અમલમાં મૂકતાં તથા ઉતાવળ થી નિર્ણય લેતા પોતે પોતાનાં પગ પર જ કુહાડી મારી દે છે.

તાવળથી ક્રિયા કરતા શારિરિક પર પણ અસર થયા વગર રહેતી નથી જેમ કે હાંફ ચડવી, લોહીના દબાણમાં ફરક પડવો, છાતીમાં દેખાવો થવો તથા ઝડપથી ક્રિયા કરાતા મગજ પર પણ માનસિક તનાવ વધી જાય છે.

કહે શ્રેણુ આજ....
"ઉતાવળે ભરાતા તુજ કદમ જીવનમાં,
મળશે નુકશાની ડગલે ને પગલે તુજ જીવનમાં...
ઉતાવળે ન પાકે આંબા કદી,
સમજી લે તું આ જીવનમાં.
ન કર અધીરાઈ જીવનમાં હવે કદી પછી.
મળી જાશે સફળતાં, અગર બની જાશે,
ધીર ગંભીર જીવનમાં હવે પછી."

જે વિદ્યાર્થી ઉતાવળથી પરીક્ષામાં ઉત્તરવહી લખશે તો અગત્યનાં મુદ્દા જ લખવાના રહી જવાથી નાપાસ થવાની શકયતા રહે છે અને તેનાં અક્ષર પણ સારા નહિ હોય...વેપારીઓ ઉતાવળથી ધંધો કરશે તો કોઈક વખત પૈસાની લેવડ-દેવડમાં ખોટ ભોગવવી પડશે અથવા સોદો બોલનો થઈ શકે છે.

કોઈ ભાઈ ક બહેન ઉતાવળમાં ચાલતાં ચાલતાં લપસી જઈ શકે છે. તો ઉતાવળમાં બસમાં ચડવા જતા કે ઊતરતાં પડી જવાના અને પગમાં મોચ આવી ગઈ હોય તેવા દાખલાંઓ સાંભળ્યા છે. ક્રિકેટ રમતા રમતા બેટ્સમેન ઉતાવળમાં ફટકો મારવા જતા આઉટ થઈ શકે છે.

કોઈ પણ ઉતાવળી ક્રિયા કરાતાં જીતની બાજી હારમાં પલટી જાય છે. જ્યારે માનવી ઠરેલ તથા ધીરજવાન હોય છે ત્યારે એ વ્યકતિ વિચારીને પગલું ભરતો હોય છે અને કોઈ પણ ભૂલ ન થાય એનું ચોક્કસ પણ ધ્યાન રાખતાં તેને કાર્યમાં સફળતા અવશ્ય મળે છે.

અગમચેતી રાખવાથી આપણે હેરાનગતિથી બચી શકીએ છીએ. ઉતાવળા સૌ બાવરાં, ધીરા સૌ ગંભીર.

સમાજમાં ઠરેલ વ્યકતિનો પ્રભાવ, ઈજ્જત અને મોભો રહે છે.તથા લોકો તે વ્યક્તિ પર ભરોસો પણ રાખે છે.

કહે શ્રેણુ આજ....

અગમચેતી રાખવાથી આપણે હેરાનગતિથી બચી શકીએ છીએ.

ઉતાવળે આંબા ન પાકે.. ઉતાવળા સો બાવરાં, ધીરા સો ગંભીર.